શ્રીગણેશાય નમઃ

સ્નેહ-સુધા.

નાટકનો સંક્ષિપ્ત સાર અને ગાયનો.

શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ માટે.

પ્રયોજક

રામનારાયણ મોહનલાલ પાઠક.

પ્રકાશકઃ—

પ્યારેલાલ વિઠ્ઠલરાય મેહતા,

'શ્રી વિદ્યાવિનોદ નાટક સમાજ' ના માલેક.

કાવસજીપટેલ તળાવપાસે—મુંબઇ.

આવૃત્તિ ૮ થી પ્રત ૧૦૦૦.

[વિક્રમાર્ક ૧૯૭૩] [ઇ. સ.

મૂલ્ય બે આના.

આ ઓપેરા મુંબઈ 'ઇંદુપ્રકાશ પ્રેસમાં' રા. રા. દામોદર
સાવળારામ યંદે ને … પ્રકાશકને માટે છાપ્યા.
તા. ૨૪-૧૦-૧૭.

પૂર્વ વૃત્તાંત.

વિજયદૂર્ગના રાજા અબળસિંહની રૂપવતી કુંવરી સુધાના હાથની માગણી રાજા જયસિંહે અનેક વખત કરેલી પણ તેને ના પાડવામાં આવી તેથી તે પોતાનું અપમાન થયું સમજી અબળસિંહને ત્રાસ આપવા ઘણા વખતથી તૈયાર થઇ રહેલો હતો. એક દિવસે વિજયદુર્ગ તથા ઈંદ્રગઢની સરહદ ઉપર બહારવટીઆઓએ તોફાન કરી લૂંટફાટ ચલાવવી શરૂ કરી, અનેક અનાથો, જનો, પ્રવાસીઓને રોકી રાખી કોઇનાં નાક, કોઇના હાથપગ કાપી અત્યંત ત્રાસ વરતાવી લૂંટ કરતા હતા. તેવામાં મોસાળમાંથી પાછી પોતાનાં માબાપ પાસે જતી સુધા ત્યાં આવી ચડી. સુધાનાં માણસોને તથા બહારવટીઆઓને લડાઇ થઇ તેવામાં ઇંદ્રગઢમાંથી દ્વારે ચડેલ જયસિંહ પોતાના લશ્કર સાથે આવી ચડયો. ભાવતું હતું ને વૈદે બતાવ્યું. સુધાના ઉમેદવારના હાથમાં સુધાજ સપડાઇ. પછી બીજું શું જોઈએ ? સુધાને પકડી કેદખાનામાં પૂરી દેવામાં આવી અને દુનિયામાં અન્યાય ન ગણાય માટે "બહારવટીઆને મદદ કરવામાં તમારોજ હાથ છે અને સાબીતીમાં તમારીજ કુંવરી છે. કુંવરીએ આજે બહારવટીઆઓ સાથે મળીને અમારી સરહદમાં તોફાન કરી અમારા નિર્દોષ સૈનિકોના રૂધિર રેડયાં છે. અને એ ભયંકર ગુન્હા માટે તેને હાલ તરત તો કેદ કરવામાં આવેલ છે." આવો ખોટો આરોપ અબળસિંહ ઉપર મૂકી તેની પાસે દંડ માગ્યો. રાજા અબળસિંહ વ્યસની તથા મૂર્ખ હતો. તેણે આ વાતની જરાપણ દરકાર ન કરી ત્યારે રાણી ભવાનીએ જયસિંહે માગ્યા મુજબ દંડની રકમ મોકલી આપી છતાંપણ સુધાનો છુટકારો નજ થયો, તેથી ભવાનીએ પોતાના વિશ્વાસુ સરદાર સ્નેહસિંહને થોડાક સૈનિકે સુધાને છોડાવી લાવવા માટે ઇંદ્રગઢ તરફ રવાના કર્યો—આટલું બની ગયા પછી ઇંદ્રગઢના કારાગૃહમાં સુધા પર જયસિંહ તરફથી વર્તાવવામાં આવે છે ત્યાંથી આજના નાટકની શરૂઆત થાય છે.

શ્રીગણેશાય નમઃ

સ્નેહ-સુધા

નાટકની પ્રવેશવાર ટુંક હકીકત.

મંગળાચરણ—વસ્તુસૂચન.

અંક ૧ લો.

પ્રવેશ ૧ લો:-ભયંકર કારાગૃહ-કેદી અવસ્થામાં દુઃખી થતી સુધા પોતાના હૃદયના દુઃખભારને શોકનાં આંસુથી ઓછો કરવાની વ્યર્થ કોશીષ કરતી દેખાય છે, ત્યાં રાજા જયસિંહે મોકલેલી દાસી વસ્ત્રાભૂષણ લઇને આવે છે, અને સુધાને હઠ પડતી મૂકી જયસિંહની પ્રેમ માગણી કબૂલ રાખવાને સમજાવે છે. સુધા, દાસીનું અપમાન કરે છે; જયસિંહ આવે છે, પોતાની માનીતી દાસીનું અપમાન થતું જોઇને વધારે ચીડાય છે. ને સુધાને હેરાન કરવા તૈયાર થાય છે સુધા તેને પણ સખ્ત શબ્દોથી તીરસ્કાર આપે છે, જયાસિંહ વધારે ચીડાય છે પણ સુખ[illegible]ા ઉમેદવાર જયસિંહ સુધાને પોતાની સ્ત્રી બનાવવાના લો- [illegible] વધારે સખ્તાઈ ન કરતાં, પોતાના સૈનિકોનો સખત પહેરો મુકી ત્રીજે દિવસે પોતાના શયનગ્રહમાં લાવવાનું ફરમાન કરી ચાલ્યો પાછળથી પોતાનું શિયળ સાચવવા ખાતર સુધા મરવા તૈયાર તેવામાં સ્નેહસિંહ આવી ચડે છે, અને સૈનિકોને મારી, સુધા ચાલ્યો જાય છે.

પ્રવેશ ૨ જો:—કોમીક-લલિતાને નિશાળેથી આવતાં વિલંબ થયો છે તેથી તેનો બાપ ચિંતા કરે છે ને તેને શોધવા જાય છે. જુવાનીમાં દિવાની બનેલી લલિતા આવે છે ને પોતાના પ્રેમના ઉભરા કાઢે છે ત્યાં વૈદરાજ શોધ કરતાં કયાંઇ પત્તો ન લાગવાથી પાછા ઘેર આવે છે. લલિતાને ફરીથી સ્કુલમાં ન જવાનું કહે છે ને તેનું દફતર લઇ લે છે. દફતરમાંથી લલિતાના પ્રેમી વામનનો ફોટો નીકળે છે તે જોઇને વૈદરાજ ચીઢાય છે, અને એ બદમાશને પોલીસ પાસે પકડાવીને હેરાન કરવાનો વિચાર કરે છે. લલિતા વામનને ટેલીફોનથી આ હકીકત જણાવે છે. વામન એક દર્દી તરીકે આવે છે. વામન, વૈદરાજને ઓળખતો નથી તેથી વધારે ગોટાળો થાય છે અને વૈદરાજ દવા લઇ આવવાને બહાને પોલીસને બોલાવવા જાય છે; પાછળથી લલિતા આવે છે અને વામનની સાથે બહારગામ નાસી જાય છે.

પ્રવેશ ૩ જો:—સખત પહેરામાંથી સુધા છટકી જવા પામી તેથી જયસિંહ વધારે ઉશ્કેરાઇ જાય છે. જેલરને દેહાંત દંડની શીક્ષા કરે છે અને અબળસિંહ ઉપર દૂત મોકલી કેદીને સોંપી દેવા અથવા તો યુદ્ધનું આમંત્રણ સ્વિકારવાનો સંદેશો કહેવરાવે છે.

પ્રવેશ ૪ થો:—રાજમહાલયનો એક ભાગ—સ્નેહ-સુધાનો વાર્તા વિનોદ. રાણી ભવાની આવીને સુધાનું વેશવાળા સ્નેહસિંહ સાથે થયું તેની ખુશાલીમાં સ્નેહસિંહને પહેરામણી આપે છે અને લગ્નનું પણ સહજ સુચન કરે છે.

પ્રવેશ ૫ મો:—રાજય મહેલનો બગીચો-વ્યસની રાજા અબળ-સિંહ પોતાના ખુશામતીઆ સાથીઓ સાથે વડારણોનાં ગીત સાંભળતો હોય છે ત્યાં જયસિંહે મોકલેલ દૂત આવે છે, ને આજ્ઞાપત્ર

આપે છે. વીરતાનું જેનામાં નામ નથી એવો અફીણીઓ રાજા અબળસિંહ, જયસિંહના કહેણથી ગભરાય છે અને સુધાને તથા તેને બચાવી લાવનાર સ્નેહસિંહને સોંપી દેવાનો હુકમ કરે છે. રાણી ભવાની આવે છે અને આ વાત સાંભળતાં રાજાપર ચીડાઇ જાય છે. અને પોતેજ પોતેની સત્તાથી લડાઈનું કહેણુ સ્વીકારે છે. દૂતને વિદાય કરે છે. રાણી સ્નેહસિંહને બોલાવી સર્વ હકીકતથી વાકેફ કરે છે. સ્નેહસિંહ આનંદથી સમરાંગણુ ખેડવા તૈયાર થાય છે. રાણી ભવાની પોતાના પતિ અબળસિંહને પરાણે લડાઇમાં મોકલે છે અને પોતે જાતે પણ મેદાને પડવા તૈયાર થાય છે.

પ્રવેશ ૬ ઠો:—સ્ટેશનનો વેઇટીંગ રૂમ-ન્હાસી આવેલા વામન તથા લલિતા આવતી ટ્રેઇનમાં ઉપડી જવાની તૈયારીમાં દેખાય છે. ત્યાં વૈદરાજ પોલીસને લઇને આવી ચડે છે; પણ વામન ચાલાકીથી વૈદરાજને થાપ આપી લલિતાને લઇને વિદાય થઈ જાય છે.

પ્રવેશ ૭ મો—વિજયદુર્ગ-લડાઇના મેદાનમાંથી ન્હાસી આવેલ અબળસિંહ તથા માવો દરવાનને દરવાજો ઉઘાડી પોતાને અંદર લેવા માટે વિનવે છે. પણુ રાણીના સખત હુકમ હોવાથી દરવાન દરવાજો ઉઘાડતો નથી. રાજા દરવાનને વીનવતો હોય છે, ત્યાં યુદ્ધ નીહાળવા માટે રાણી કીલ્લા પર આવી ચડે છે ને અબળને ન્હાસી આવેલો જોઇ તેનો તીરસ્કાર કરે છે, રાણી બન્નેને કીલ્લાની અંદર આવવા દેવાનો હુકમ કરે છે ને પોતે મેદાન તરફ જવા તૈયાર થાય છે. જયસીંહ પોતાના લશ્કર સાથે ધસી આવે

છે ને કીલ્લાપર હલ્લો કરે છે સ્નેહસિંહ સામે થાય છે ને પ્રચંડયુદ્ધ થાય છે. સ્નેહસિંહ પરાજય પામે છે પણ રાણીની તથા સુધાની વખતસરની મદદથી બચી જાય છે. છેવટે જયસિંહ હારે છે. ને તેને પકડી લેવામાં આવે છે.

ટેબ્લો.

અંક ૨ જો.

—०*०—

પ્રવેશ ૧ લો:—રાણી ભવાનીએ ભરેલો વિજય દરબાર—વિજયના હર્ષની વધાઇમાં રાણી ભવાની સ્નેહસિંહને વિજયદુર્ગના રાજ્યરક્ષકની સત્તાથી વિભુષિત કરે છે, અને સ્નેહસુધાનાં લગ્ન પણ અહીંજ થાય છે, પરંતુ શુભ પ્રસંગમાં બધું શુભજ થવું જોઇએ તેવી પરોપકાર વૃત્તિવાળી રાણી, જયસિંહને બોલાવી મંગાવે છે અને ફરીથી આવી ઉદ્ધતાઇ ન કરવાની શરતે તેને બંધન મૂક્ત કરી ખરા ક્ષત્રીવટનો ઉત્તમ પડઘો પાડે છે. જયસિંહ કપટ ભાવથી નમી જાય છે. સુધાને પહેરામણી આપે છે. સ્નેહ-સુધાનાં લગ્ન,

પ્રવેશ ૨ જો—ધર્મશાળા-ટ્રેઇનમાથી ઉતરી લલિતા તથા વામન એક ધર્મશાળામાં પોતાનો મુકામ કરે છે; કયાં રહેવુ અને શું ધંધો કરવો એ વાતનો વિચાર કરતાં કરતાં સરસામાન પડતો મૂકી બહાર ફરવા ચાલ્યાં જાય છે. પાછળથી ધર્મશાળામાં ઉતરેલા બે મવાલીઓ એમનો પડી રહેલો સામાન લઇ જતાં બા[illegible] પાડવામાં લડી પડે છે. મારામારીમાં

એકનું ખુન થાય છે. બીજો ગભરાઇને ન્હાસી જાય છે. લલીતાને વામન આવી ચડે છે; શહેરની રચનાનાં વખાણુની વાતો કરતાં હોય છે ત્યાં પરદેશી મુસાફરોની તપાસ કરવા કોટવાળ આવી ચડે છે. બન્નેને નામ ઠામ પૂછતાં વામન તરફથી કંઇક ઉધ્ધત જવાબ મળે છે. કોટવાલ મરી ગએલ મવાલીને ઉંઘી ગયેલ માણુસ સમજી વામનને તેની માહીતી મેળવવા માટે પુછે છે. વામન આડો જવાબ આપે છે. કોટવાલ જાતે તપાસ કરે છે. મડદું જોઇ આ બન્નેને ખુની તરીકે પકડી લે છે. લલિતાના નખરાથી કોટવાલ અંજાઇ જાય છે ને તેને છુટી રાખે છે.

પ્રવેશ ૩ જો:—જયસિંહનો મ્હેલ-હાર્યો જુગારી બમણું રમે એ પ્રમાણે જયસિંહ વધારે ઉશ્કેરાય છે. વૈરની આગમાં તેનું અંતર અહોનિશ સળગ્યા કરે છે અને સુધાને વશ કરવાના અનેક કાવાદાવા રચે છે. આજે એક નવો પ્રપંચ રમાય છે. "જયસિંહે હૃદયની મુંઝવણુથી આપઘાત કર્યો છે અને પોતાના વારસ તરીકે સ્નેહસિંહને રાજયગાદીએ બેસારવો એવો મરતી વખતે કરાર લખી ગયો છે" એવા જૂઠા સમાચાર વિશ્વાસુ સેનાપતિ સાથે રાણી ભવાનીને એક બાજુથી કહેવરાવવામાં આવે છે, અને બીજી બાજુથી પોતાની પ્રપંચ જાળ પાથરી સુધાને તથા સર્વને કેદ કરવાનો તાગડો રચવામાં આવે છે. આ કામ પાર ઉતારવાનો બદલામાં જયસિંહ સેનાપતિને મોટી આશા આપે છે. સેનાપતિ વિજયદુર્ગ તરફ રવાના થાય છે.

પ્રવેશ ૪ થો—સ્નેહ સુધાનું રંગ ભુવન-પ્રેમી દંપતિ પ્રેમની મીઠી વાતોમાં મશગુલ થયાં છે તેવામાં રાણી ભવાની તથા જયસિંહનો કપટી સેનાપતી આવે છે. કપટપત્ર સાચો માની જયસિંહના મરણ

સમાચારથી સર્વે દીલગીર થાય છે, અને પત્રની હકીકત ઉપરથી કીરગઢ તરફ વિદાય થાય છે, પાછળથી કરી રાખેલા સંકેત પ્રમાણે સૈનીકો સાથે સરહદ ઉપર આવીને છુપાઇ રહેલો જયસિંહ ત્યાં આવી ચડે છે. સુધાને શરણ થવાનું કહે છે. સુધા જયસિંહને હૃદય પીગળાવી નાખે એવા શબ્દોથી વિનવે છે પણ કામાંધ જયસિંહ કશું સમજતો નથી સુધા હિમ્મતથી તેની સામે થાય છે, પણ એક અબળા ઘણા ચંડાળો પાસે શું ફાવે ! સુધા સપડાઇ જાય છે.

પ્રવેશ ૫ મો—અશીણીયા અબળસિંહને જયસિંહના સીપાઇઓ કેદ કરીને લઇ જાય છે.

પ્રવેશ ૬ ઠો—કૉમિક-જેલનો કમ્પાઉન્ડ-પ્યાર કરતાં દુઃખમાં પટકાઇ પડેલા વામનલાલની સ્થિતિનું દીગદર્શન. લલિતા આવી તેને દિલાસો આપે છે, જેલર આવે છે. લલિતા ચાલાકી વાપરી જેલરનું મન મેળવે છે, અને પોતાના બાપને બોલાવવાનું કહે છે, જેલર તેમ કરે છે. વૈદરાજ આવવાની વાત સાંભળી વામન ગભરાય છે, પણ લલિતા વામનને દીલાસો આપી તેને છોડાવવાનું વચન આપે છે. વૈદરાજ આવે છે, લલિતાપર ચિડાય છે. લલિતા પોતાના બાપને પૈસાના લોભથી પોતાના પક્ષમાં લે છે, અને કોટવાળને થાપ આપી વામનને છુટે કરાવવાની યુકિત રચે છે.

પ્રવેશ ૭ મો—જયસિંહનું કપટ ભુવન-છળ પ્રપંચની યુક્તિના હથિયાર તરીકે એક નિર્દોષનું ખુન કરી તેના શબને જયસિંહને બદલે મુકવામાં આવ્યું છે. જયસિંહના કપટી અનુચરો ઢોંગથી સર્વત્ર શોકની છાયા પ્રસારી રહ્યા છે, તેવામાં વિશ્વાસઅંધ રાણી લવાની તથા સ્નેહસિંહ આવે છે, હૃદયની દીલગીરી બતાવે છે. શોકમાં ગીરફતાર થએલાં આ

ભોળાં અને ઉદાર રાજવંશીઓને સેનાપતિ પ્રપંચથી કેદ કરે છે. રાણી ભવાની આ પ્રપંચથી ત્રાસ પામે છે. જયસિંહ જાહેર થાય છે. રાણી તેને નીતિનો ઉત્તમ બોધ આપે છે પણ પત્થર ઉપર પાણી— જયસિંહને કાંઈ અસર થતી નથી. સ્નેહાસિંહના દુઃખમાં વધારો કરવા બંદિવાન સુધાને લાવવામાં આવે છે. આપ્તજનો ઉપર આવું અસહ્ય સંકટ જોઇને રણમર્દ સ્નેહસિંહ શૂરાતનના આવેશમાં આવી જાય છે. લોખંડની સાંકળોને કાચા સુતરના તાંતણા માફક નિમેષ માત્રમાં તોડી નાંખીને જયસિંહ ઉપર ધસે છે, પણ લાચાર બની જાય છે, ને સુખી કુટુંબ ઉપર દુઃખનું વાદળ છવાઇ રહે છે.

ટેબ્લો.

—o*o—

અંક ૩ જો.

પ્રવેશ ૧ લો—જયસિંહનું વિચારભુવન-સુધા કોઈ પણ રીતે નથી માનતી તેથી જયસિંહ ચિંતા કરે છે. અને સેનાપતિને બોલાવે છે. સેનાપતિ પોતાને આપેલી આશાનો કરાર માગે છે. જયસિંહ એક દસ્તાવેજ લખી સેનાપતિને વિજયદુર્ગની ગાદી આપવાનું વચન આપે છે. અહીંયાં આ દાવ ખેલાય છે ને શહેરમાં રાજાના મર્ણ સમાચારથી દીલગીરી ફેલાઇ રહી છે. પ્રજામાં જાહેર શી રીતે થવું અને દુશ્મનોને જેર શી રીતે કરવા તેનો સંકેત કરવા જયસિંહ તથા સેનાપતિ ખાનગી રૂમમાં જાય છે. લખેલો દસ્તાવેજ અહિંજ ભુલી જાય છે. પાછળથી પ્રધાન આવે છે. ને પેલો દસ્તાવેજ વાંચતાં તેની અજાયબીનો પાર રહેતો નથી. જયસિંહ આવે છે ને આ સ્નેહસિંહનું તરકટ છે,

એમ સમજાવે છે પણ પ્રધાનના માન્યામાં એ વાત આવતી નથી. પ્રધાન જયસિંહને અપરાધી ઠરાવવાનો યત્ન કરે છે, પણ જયસિંહ કપટથી વાતનો ઇન્કાર કરે છે, અને ભેદનો પાર પામવાને પોતાનું અર્ધ રાજ્ય આપવાનું કપટી વચન આપે છે. પ્રધાન તપાસ કરાવવા તૈયાર થઈ જાય છે, પાછળથી જયસિંહ છેવટના ઠરાવ ઉપર આવે છે ને કપટ બુદ્ધિથી પોતાના સ્નેહી સેનાપતિનેજ અપરાધી ઠરાવી, પોતાને નિર્દોષ બનાવવાના ઇરાદાથી સેનાપતિને કારાગૃહ તરફ મોકલે છે અને શત્રુઓનો સંહાર કરવાનું કહે છે. વિજયદુર્ગની રાજગાદીના લોભથી, સેનાપતિ એ કામ કરવા તૈયાર થાય છે. કેદખાના તરફ જાય છે. પાછળ અચળસિંહ સેનાપતિને ખુની તરીકે પકડી લેવાના ઇરાદાથી છુપી રીતે જેલ તરફ રવાના થાય છે.

પ્રવેશ ૨ જો—હાસ્ય વિભાગની પૂર્ણાહુતિ.

પ્રવેશ ૩ જો—(કારાગૃહ) દુઃખમાં રીબાતાં રાજકુટુંબીઓની દયાજનક સ્થિતિ. સેનાપતિ આવે છે, અને ત્રાસ વરતાવે છે. સહુ કોઇ તેને ક્રૂર ન થવા વિનવે છે, પણ રાજ્ય લોભથી અંધ બનેલ સેનાપતિ સમજતોજ નથી. તેને સમજાવવાની દરેક કોશેષ પ્રથમતો વ્યર્થ જાય છે. પણ જયસિંહ ઉપકારનો બદલો અપકારથી વાળે તેવો છે, એમ ભવાનીના અનુભવયુકત દૃષ્ટાંતથી સેનાપતિનું હૃદય કંઇક વળે છે. રાણી ભવાનીએ દયા બતાવીને જયસિંહને છુટો કર્યો હતો તે ઉપકાર કરવાના બદલા તરીકે જયસિંહે જીવીત દાન દેનારનેજ મરણના મુખમાં સપડાવેલાં જોઇને સેનાપતિ પોતાને આપેલી આશાઓ માટે શંકાશીલ બને છે. પીગળતા હૃદય ઉપર સદ્બોધનું વધારે સિંચન થાય છે, અને

સેનાપતિનું હૃદય વળી જાય છે. સેનાપતિ સર્વને જીવિતદાન આપી છુપાવી રાખે છે. રાજા જયસિંહ આવે છે તેનું મન જોવા ખાતર સેનાપતિ સર્વનો વિનાશ કર્યો એમ કહે છે કે તરતજ રાજા સેનાપતિને પકડી લેવાનું કહે છે. બહાદુર સીપાહી બચ્ચો ખરી વીરતા દાખવે છે. અને સ્નેહસિંહની મદદથી જયસિંહને કેદ કરવામાં ફળીભુત થાય છે.

પ્રવેશ ૪ થો—અબળસિંહને પ્રાધાનના હુકમથી છુટો કરવામાં આવે છે. મૂર્ખની મૂર્ખતા.

પ્રવેશ ૫ મો—પ્રેમી જોડાંનો પ્રેમાલાપ.

પ્રવેશ ૬ ઠો—ઇંદ્રગઢનો રાજદરબાર—જયસિંહનો ન્યાય. સ્નેહ સિંહને ગાદી સોંપવામાં આવે છે.

આનંદ

નાટકનાં મુખ્ય પાત્રો.

પુરૂષ વર્ગ.

સ્નેહસિંહ--વિજયદુર્ગનો રક્ષક, સુધાનો પતિ.

જયસિંહ—ઈંદ્રગઢનો રાજા. (ક્રૂર).

અબળસિંહ--વિજયદુર્ગનો રાજા-(વ્યસની).

માવો--અબળસિંહનો ખુશામતીઓ ખવાસ.

સેનાપતિ--જયસિંહનો.

વૈદરાજ--લલિતાનો બાપ.

વામન—લલિતાનો પતિ.

સ્ત્રી વર્ગ.

સુધા--સ્નેહસિંહની પત્નિ, અબળસિંહની કુંવરી.

ભવાની—સુધાની મા.

લલિતા—વામનની સ્ત્રી.

સિવાય દાસ, દાસીઓ, દરબારીઓ, વારાંગનાઓ, કોટવાળ, સીપાહીઓ, સૈનિકો ઇત્યાદિ.

સ્થળ--વિજયદુર્ગ; ઈંદ્રગઢ તથા તેની નજીકનું જંગલ.

સ્નેહ-સુધા.

નાટકનાં ગાયનો.

૧

બાળાઓ— આનંદ આજે છાયે સકળ સ્થળ
ગાતાં પ્રભુ ગુણ પૂર્ણ ઉમંગ ધરી— આનંદ૦
અકળ અગમ કૃતિ રતિ અતિ રસભરી
જગત સકળમહીં રહી વિસ્તરી
કર્તા હર્તા જગના, ફ્લવતી સહુ તુજ રચના;
તારા આધારે સહુ કો ચાલે સુખે મ્હાલે.
હે જગનાયક ! શ્રી વરદાયક !
સહાય કરજો, વિઘ્ન હરજો-- આનંદ૦

૨

બાળાઓ— આ જગમાંહી જન્મ ધરીને જન જે સુકૃત કરે;
અભય વર વિશ્વ મહીં એ વરે;
સહજમાં ભવસિંધુથી તરે.
વિષમ વિષનું પાન કરે તો કહો જીવે કે મરે !

" કરણી તેવી પાર ઉતરણી " ન્યાય નજર પર તરે.
પાપીઆ ફટફટ થઇને ફરે.
અંતમાં દુઃખી થઇને મરે.
ધર્મીનું ધ્યાન પ્રભુ પણ ધરે આનંદ૦

૩

સુધાઃ— વિશ્વાધર પ્રભુ પ્યારા !
દીનનાથ-દીનબંધુ;
કરૂણાના ભંડાર વિ૦
સુખનો ન દેખુ આરો;
વિપદ વાદળ આ વિદારો;
કરીને વ્હાર, કરજો ઉદ્ધાર.
સંકટ વિકટ શીરે આ આવ્યું.
બાંધ્યા ચહોને ક્રિરતાર વિ૦

૪

સુધાઃ — નીચ નફ્ટ હેવાન, બેઇમાન;
આ નાદાન, ટાળું તારૂં હું ગુમાન— નીચ૦
ધીક જારી વ્યભિચારી;
થાશે બુરી ગતિ તારી.

દાસીઃ— છોડી દે તું આ ખુમારી;
અંતે થાશે તારી ખ્વારી.

સુધાઃ-- દુર જા ઓ દીવાની ન થા ગુમાની (૨)

દાસીઃ-- છોડી નાદાની, માની જા માની;
નહિ તો જાશે તારો જાન. નીચ૦

૫

લલીતા— આવ્યું જોબનીયું આવું શા માટે મસ્તાન ?
હું દીવાની બની દીવાની બની. આવ્યું૦
મીઠું રસીલું દર્દ મુજને કંઇ થાય છે,
દર્દે દુખાઇ મારૂં મનડું મુંઝાય છે,
શું કરૂં ઉપાય ના મારાથી સમજાય. હું૦
એળે જુવાની મારી ચાલી આ જાય છે,
જોબન વનમાળી વીના ખીલી કરમાય છે,
લ્હાણું ના લેવાય સ્નેહ સાગર સુકાય હું૦

૬

લલીતા— કામણગારા કામણ આ કેવું કીધું ?
ચીત્ત મારૂં ચોરી લીધું (૨)
મીઠી વાણી સુણાવી, પ્રેમ વચને લોભાવી;
મારૂં જીવન પરવશ બનાવી, દીધું, કામણ૦

વામન— જીવતર છે ધન્ય તેનું, ગુણવંતી ગોરી સંગે—
હશે જેણે પ્રેમ પાન પીધું

લલીતા— મનડું મસ્તાન તે બનાવ્યું મોહ બાણુથી;
વચને વેચાતું લઇ લીધું.

વામન— વાહ વાહ.

લલીતા— તારૂં બનાવી તે તો લીધું કામણ૰

૭

જયસિંહ—પળમાં શત્રુને સંહારૂં ભુતલથી શોધીને મારૂં
કળથી બળથી છળથી છળીને,
એ અરિને આજે વિદારૂં પળમાં૰
ધસતું કૂદે રણમાં રંગે—
પકડું, નહિં હિંમત હારૂં
ત્રાસ દઇ શત્રુ શીર છેદું
વેર લઉં હું તો મારૂં પળમાં૰

૮

સુધા-સખીઓ—વાહરે વાહ વાહ વાહ.
આલી જુવતી જોબનવંતી ક્યાં તું જાય ચાલીરે
તારા મનમાં હર્ષ છવાય
શાથી અંગ પ્રફુલ્લ જણાય
સખીઓ છોડો છોડો શીદ પજવોછો ?
આમખાલીરે

પજવો છો આમખાલીરે (૨) વાહરે
સેંથલડે સીંદુર ભર્યોને ભાલ ટીલડી ચળકે
તેજ તરુણી તારૂં જાણે દિવ્ય દામીની દમકે
વિશ્વ રહે છે મોહીતારાં ઝાંઝર કેરી ઝમકે
જાઓ જાઓ દુર થાઓ મુને ન સતાવો
જાઓ જાઓ મારૂં મન અકળાય— ક્યાં૦

૯

સુધા— દૈવત સાચું આ સંસારે,
પ્રીતમ નામ સદાય અમારે;
શુભ સંસારનો એ સાર. દૈવત૦

૧૦

સુધા સખિઓ— વાહરે જોબન મદઘેલી
શાણી સખી અલબેલી
બ્હેની બની ગઇ વરઘેલી— વાહરે૦
જાઓ જાઓ સખી ન સતાવો
જાઓ પડું તમારે પાય.
મુખ મધુરૂં શું મલકાય ?
નયણે નેહ શો ઝલકાય ?
દ્યો મશ્કરી મેલી
શરમ ત્યાગોને સાહેલી
પિયુની સંગે રંગે ઉમંગે
ર્યો ખેલ નવલ ખેલી— વાહરે૦

૧૧

સ્નેહ-સુધા—ખોલો ખોલોને ઘુંઘટો પ્યારી શા માટે શરમાઓ ?
ખોલો ખોલોને બાલા તમે મને હુકમ કંઇ ફરમાવો.
પ્રેમતણો ભીખારી ભામીની વાંસે ભટકી ભમતો,
નયનના ઇશારે ઘાયલ ઘાયલ થઇને ફરતો.
ઉદાર થઇને-દીલ દઇને અમૃતનાં પાન કરાવો-- ખોલો૦
જાઓ સજ્જુણા વાત ન સાચી
સમજો નહીં મને કાચી
પહેલાં પ્રેમ બતાવી પરણો
પછી મને તલસાવો-રસીલા-- પ્યારી૦

૧૨

સુધા-- ગરજે ઘેલા શું થાઓ છેલડા !
મોહન મારા જાવો દુર ઘેલડા.
સ્નેહ-- આવોજી આવો શું શરમાઓ ?
પાન પ્રીતીનાં પીઓને પાઓ;
સુધા-- આઘા રહો અલબેલડા-- મોહન૦
છોડોજી છેડો હું ગઇ હારી;
સ્નેહ-- રામા રસિલી માનોને પ્યારી;
સુધા-- જાઓ જાણ્યા છો મન મેલડા-- મોહન૦

૧૩

ધડારણો— વાલમ નહી રે જવા દઉં રાજ,
આજની રાતલડી રાખું રે.
કંથજી કેદી બનાવી આજ;
નેહનાં નેવળમાં નાખું રે, વાલમ૦

દીવસ ન જાયે દોહ્યલા, વિયોગ નહી વેઠાય;
વિયોગની વસમી ઘડી જુગના જેવી જાય.
કાળજાની કોરરે, ચીતડાનો ચોરરે,
હૈડાનો હારરે, વ્હાલો રમાડે વિલાસમાં.
ભમે હોય બોલડી, જીભે હોય જોરડી,
વ્હાલો રમાડે વિલાસમાં— કાળજાની૦

આપી અમને વાયદા આવો નહીં મહારાજ;
આવ્યા આજે હાથમાં કેમ જવા દઉં રાજ.
અણધારી આ સુખની રાત મળી;
બહુ દીનની આશ મારી આજે ફળી.
લ્હેર લ્હેરરે વાલમજી સંગે લેશું હો લ્હેર (૩)

ભવાની:— ૧૪

નીચનર હવે થશે તું અપાર ખ્વાર.
વરતાવી ત્રાસ અતીશે,
સંહારી અરિને પળમાં;

મારીશ બસ ઠાર
ગગન ભેદતી ચમકતી ચપળ;
આરને છેદતી સબળા અબળા;
સંહારૂં શત્રુને ક્ષણમાં નીચ૦

૧૫

લલીતા— વાલમજી તારી પ્રીતિની બલીહારી
જીવન ધન વારી
વામન— રસીલી રંગીલી વસી છે અંતરમાં
છબીલી કામણગારી મૂર્તિ આ તારી પ્યારી
લલીતા— પ્રીતમ પ્યારા પ્રેમભીના અંતરના આધાર
મોહન પામી મનગમતા હું ધન્ય થયો અવતાર
વામન— નવેલી નવોઢા છબીલી
મીઠી શી વાણી તારી : વાલમજી૦

૧૬

વામન-લલીતા—આવો રસીલી દૂર ન થાઓ
પરણ્યાનો લઇએ લ્હાવો
અડશો નહિં દૂર રહોજાઓ— આવો૦
છેડ શાને કરો
માદ મનમાં ધરો
કોઇ દેખે તો હું લાજી મરૂં
નઠ્ઠ ન થાઓ— આવો૦

૧૭

દરબારઃ—

ગાઓ ગાઓ સહુજન આનંદથી નૃપ ગુણ ગાઓ.
અવીચળ તપો રાજ જય થાઓ,
ધર્મે કર્મે સદા રામ સમા રાજ્યમાં,
પ્રજાને પુર્ણ સુખ આપતા નીતિ અને ન્યાયમાં.
સૂર્ય ચંદ્ર સમ તાજ તણું તેજ જગમાહી છાઓ.

૧૮

વારાંગના—રસીલી મદભરી (૨)
આંખલડી અપાર, જોઇને દીલદાર
ઘાયલ બનનાર-જુવાની જોઇ-રસીલી.
સનમના ઘાવ કારી જીગરના કદીએ ન રૂઝાયે;
બીમારી પ્યારની બુરી, અહા ! બસ પ્યારથી જાયે,
મીઠી લહેજત જીવનભરમાં કદાપી નાહીં ભુલાયે;
અરે એવી મજા લેતાં ભલે શીર જાયતો જાયે
ચિત્ત ચળેછે ચતુર તણાં પણ—
તીરછી નજર જ્યાં કરી— રસીલી૦

૧૯

લલીતાઃ— રસધેલા ! છો પ્રીતમ પ્યારા,
કામણગારા, ચીત હરનારા, મનહર મારા વાહ !

વામનઃ— વાહ ચટકતી ચાલ તારી !
ગોરી ઘાયલ કરનારી;

લલીતાઃ— ચતુર સુજાણુ, છો સુખભાણુ.

વામનઃ— જીવન પ્રાણુ, લ્યો સુખલ્હાણુ. રસ॰

લલીતાઃ— સોનાના સુરજ મારે આજ ઉગ્યા;
મોહન મનમાન્યા હું પામી.

વામનઃ— એમકે ? મોહન॰

પામ્યો સંસારે સુખસાર,
મન હરનાર મળી દીલદાર. રસ॰

૨૦

લલીતાઃ— સ્નેહભીના શીરતાજ !
પ્યાલી પીયોજી, આ પ્રેમની.
સ્નેહે ભરપુર છે, પ્રેમનું એ નુર છે, હો॰

વામનઃ— રંગીલો મદ્ય આ સ્નેહ તણી ચીજ છે,
બીજી તું સ્નેહભીની નાર.

લલીતાઃ— સ્નેહે સંસારનો સઘળો વ્હેવાર છે,
સ્નેહ એજ સંસારે સાર.

વામનઃ— વાહ વ્હાલી, વરણાગી, અલબેલી અનુરાગી
છો સુંદરી સુજાણ સ્નેહભીના॰

૨૧

લલીતાઃ— જોઇ ગોઠી મુર્તિ હું તો ગઇ છું લોભાઇ,

વામનઃ— મધુરી મીઠડી આનંદની લ્હેર હૃદયમાંહી છોઇ.
મારીને મોહ બાણ ઘાયલ બનાવ્યો.

લલીતાઃ—હું તો ગઇ ફંદે ફસાઇ.

વામનઃ— હાજર હુકમે દાસ તમારો.

લલીતાઃ—પ્રેમી મળ્યો આ પ્રાણ પ્યારો.

વામનઃ— રસીલી, રંગીલી, છબીલી, નવેલી, આજે આનંદ વધાઇ—જોઇ૦

૨૨

જયસિંહઃ—મારીશ મારીશ મુજ વૈરીને ઠાર;
કળ બળ છળ કરીને હણું અરિને— મારીશ૦

પ્રચંડ દઉં દંડ હું છેદીને શીર,
હૃદય બને અધીર;
શત્રુઓને વશ કરીને રહું ઠરીને — મારીશ૦

૨૩

સુધાઃ—પ્રીતમ પ્રાણ આવો.
હસીને હસાવો, પ્યારીને રીઝાવો,
લાલ લઇ લ્યો લાખેણો પ્રેમ લ્હાવો— પ્રાણ૦

રંગે સંગે રાસ રમો,
ભાવતાં ભોજન જમો;
નેહભરી નજર કરી પ્રણય પાન પીઓ અને પાઓ— પ્રાણુ૦

૨૪

સુંવાઃ— કામીજન રૂપ ઊપર સહુ મરતારે
કુટીલતા કરતા— કામી૦

કરે અનીતિ અધમ અતિશે;
પ્રભુનો ડર નવ ધરતા;
પરમેશ્વર પોતાને માની,
અંધ બનીને ફરતા રે— કુટિલતા.

લાજ શરમને કરી પરાઇ,
પાપી પગલાં ભરતા;
અંતે ફટફટ થઇને પાપી
વીણ મ્હોતે સહુ મરતારે— કુટિલના૦

૨૫

જેલસ— બૈરી વીના જીવતર નરનું હાય એળે જાય;
બૈરી વીના જગમાં લોકો બામટા કહેવાય.
હાય એળેજાય–બામટા કહેવાય— બૈરી૦

ઉંદર મામા બની પરઘરના દરમાં ઘુસી જાય;
પરના લાડુ ખાવા જાતાં પાંજરે પુરાય— હાય૦

પરનું ખેતર ખોદી ખાતાં પરોણા ભોંકાય
નારીજન જગમાં માઝનીઆ આખલા કહેવાય— હાય૦

૨૬

વારાંગનાઓ—દીમ તનન તુમ દીર તનોમ તદારે દાની
નાદાર દીર તનનન તુમદીર તનનનન
તાદીમ તાદીમ દીમ તનનાન તાદીમ દીમ તનનન (૨)
તકીટ તકીટ થુંગ નગ તકધીત્તા
તીટકત્તા ગદીગન ધા દીમ૦

૨૭

નાચનારી— નંદકે લાલા હો મતવાલા;
કૃશ્ન કનૈયા તૂહીં તૂ હય— નંદકે૦

મથુરાજીમેં જન્મ લીયો હય;
ધેનું ચરૈયા તૂ હય— નંદકે૦

કાલીન્દીમેં કુદ પરો હય;
નાગ નથૈયા તૂહીં તૂ હય— નંદકે૦

બિંદ્રાવનમેં રાસ રચ્યો હય;
રાસ રચૈયા તૂહીં તુ હય— નંદકે૦

૨૮

લલિતા-વામન—જાઓ જાઓ અલબેલા છો ઘેલા
છેલા જાઓ છોડો છોડો છેડલો
અલબેલા રસઘેલા મનમેલા
છો મનમોહન મારો મૂકો કેડલો
આવો આવો આવો રસીલી
પ્રેમ સુધારસ પાઓ છબીલી
લ્હાણુ નવેલી લ્યો અલબેલી
માનોજી માનો ઓ મદઘેલી— આવો૦

૨૯

વામન— ગોરી ધીરે ચાલો જોબનીયું ઝલકાઈ જાય
ઝલકાઈ જાય, મીઠો રસ છલકાય— ગોરી૦

લલીતાઃ—પાલવડો મૂકો મારો પાય પડું છું વ્હાલા;
નવરંગ ચીર મારાં જુઓ આ ચીરાઇ જાય હાય— ગોરી૦

કરગરી કહું છુ હું તો બલજોરી છોડો લાલા;
પતલી કમર લચકાઈ જાય હાય— ગોરી૦

૩૦

સ્નેહઃ—દગલબાજો આ દુનિયામાં થયા નથી કોઈના ન થનાર.
બધો છળકપટ ભર્યો સંસાર,

સ્વારથની સઘળે મારામાર,
સર્યા પછી સહુ ગણુતા પોબાર— દગલબાજો૦

દુધ પાશો સર્પને પણ ઝેર તેનુ તો ધશે;
લાડ કરશો શ્વાનને પણ આખરે ભસવા ધસે;
ઉપકાર કરશો નીચ પર અપકાર બદલો આપશે;
છે ઇશ્વરી એ કાયદો સહું જાતપર અંતે જશે.
અગ્નિની પ્રીતિનો જે સાર,
પ્રપંચીની પ્રિત તેવી નીરધાર;
સળગતા કરે સુખી સંસાર;
દગો નથી સગો કોઇનો યાર— દગલબાજો૦

૩૧

સ્નેહ-સુધા:—લ્યો મીઠાં ને મધમધતાં ફુલ.
કહો મૂલ ?
મૂલ એનાં ચાણમૂલ.
મારૂં જીવન ધન ફુલ — લ્યો૦

પરિમળ પ્રીતમ પ્યારનો સાચી જીવન લ્હાણ;
પ્રેમકાજ કુરબાન છે તન ધન જીવન પ્રાણ.
સુખ સૃષ્ટિમાં અતુલ પ્રેમમાંહી વસુલ;
પ્રેમ વીનાનું જીવતર છે ધુળ— લ્યો૦

૩૨


સ્નેહ-સુધા—ઘેલી બની હૈયાનાહાર હું તો આવાર
મળ્યા અંતર આધાર મારો સુધર્યો સંસાર
મળી મુજને મૃગનયની મનહરણી સુખકરણી પ્યારી નવેલી
મુગ્ધ થાઉં રૂપ જોઇ
પ્રાણુપિયુમાં પ્રોઇ-પાપ નાખું ધોઇ
પાય પુજીને પાવન થાઉં હું— ઘેલી૦

૩૩

સર્વે— વિજય જય આજે થયો
થઇ કૃપા પ્રભુની
ઉરમાંહી આનંદ છવાયો
અવનિમાં સર્વદા દુષ્ટને મળે છે દંડ
ધર્મનો જય પાપે પરાજય થયો. વિજય૦

સમાપ્ત.

તમારા મગજમાં,



ખીલી મારી ઊતારવાની જરૂર છે કે, હિંદુસ્તાનનું માનીતું સેંટ “ ઓટો મોહીની ” જ છે. જેના માત્ર થોડાં ટીપાં રૂમાલપર ચાર દીવસ ચંબેલીના ફૂલોની ખુશ્બો આવે છે.

સોલ એજન્ટ,

મોહીની એજન્સી

જુમામસ્જીદ,—મુંબાઈ.

જાહેર ખબર.

અમારી કંપનીના નીચલાં નાટકોનાં ગાયનોની ચોપડીઓ જ્યાં અમારો મુકામ હશે ત્યાંથી નીચલી કીંમતે રોકડેથી મંગાવ્યાથી મળશે.

ચોપડીનું નામ.				કિંમત.
માલતી-માધવ	...	...	...	૦-૨-૦
માયા મોહિની	...	...	...	૦-૨-૦
સાગર-સરિતા	...	...	...	૦-૨-૦
પિતૃભક્ત પ્રભાકર	...	...	...	૦-૨-૦
અનંગ પદ્મા	...	...	...	૦-૨-૦
મુદ્રા પ્રતાપ	...	...	...	૦-૨-૦
રાજ્ય ભક્તિ	...	...	...	૦-૨-૦
સ્નેહ-સુધા	...	...	...	૦-૨-૦
અમર કુમાર	...	...	...	૦-૨-૦
બુદ્ધિપ્રાબલ્ય	...	...	...	૦-૨-૦
શુકદેવજી	...	...	...	૦-૨-૦